# કોડિયું

પ્રાચીન સમયમાં એક દેશમાં ખૂબ વિદ્વાન અને સમજદાર રાજા રાજ્ય કરતો હતો. તેના કુનેહભર્યા સ્વભાવને લીધે તેની પ્રજા ખૂબ જ સુખ અને સંતોષથી રહેતી હતી.

તેને ત્રણ પુત્રો હતા. પુત્રો યુવાન થતાં રાજાએ વિચાર્યું કે મારે એ જ પુત્રને રાજ્ય સોંપવું જોઈએ, જે સાત્ત્વિક બુદ્ધિવાળો હોય તેમજ પ્રજાનું હિત કરવાવાળો હોય.

તેણે વિચાર્યું કે આમ તો ત્રણે કુંવરો બુદ્ધિવાળા છે. છતાં તેની પરીક્ષા તો કરવી જોઈએ. તો જ તેઓની સાચી પરખ થાય.

એક દિવસ રાજાએ ત્રણે કુંવરોને બોલાવીને કહ્યું, ''જુઓ બેટા, હવે હું વૃદ્ધ થયો. રાજ્ય કારભાર હવે સંભાળી શકતો નથી. તમારામાંથી કોઈ એકને હું રાજ્ય સોંપવા માંગુ છું પણ એ પહેલા એક નાનકડી કસોટીમાંથી તમારે પસાર થવું પડશે.'' આમ કહી રાજાએ ત્રણે પુત્રોને એકસરખા ઓરડાની ચાવી આપતાં કહ્યું, ''તમારે દરેકે આ ઓરડો કોઈ એવી વસ્તુથી ભરવાનો છે જેથી જરાપણ જગ્યા બાકી ન રહે ! યાદ રહે, ઓરડો કોઈ એક જ વસ્તુથી ભરવાનો છે તથા તેનો ખૂણે ખૂણો ભરાઈ જવો જોઈએ !''

રાજાએ તેઓને એક અઠવાડિયાનો સમય આપ્યો. અઠવાડિયા પછી ત્રણે પુત્રોને બોલાવીને પૂછ્યું, ''તૈયાર છો ને ?''



''હા'', ત્રણે પુત્રોએ જવાબ આપ્યો.

રાજા અને ત્રણે પુત્રો ઓરડાઓ ભણી ચાલ્યા. સોથી મોટા પુત્રના ઓરડાનો દરવાજો ખોલતાં છેક છત સુધી હારબંધ ગોઠવાયેલી અનાજની ગૂણો નજરે પડી. તે ખૂબ જ વ્યવસ્થિત ગોઠવાયેલી હતી તેમજ ઓરડામાં જરાપણ જગ્યા ખાલી ન હતી.

‘‘હંમ...’’ રાજાએ કહ્યું, ‘‘ખૂબ જ મહેનત કરી છે અને પૈસા પણ ઘણા ખર્ચ્યા છે... સરસ!’’ મોટા પુત્રનો ઓરડો બંધ કરી સહુ વચલા પુત્રના ઓરડા ભણી ચાલ્યા. તેનું બારણું ખોલતાં જ સહુએ જોયું કે આખો ઓરડો રૂથી ભરેલો હતો. મોટા પુત્ર કરતાં ઓછા ખર્ચે અને ઓછી મહેનતે ઓરડો ભરવામાં આવ્યો હતો.

‘‘ખૂબ સરસ!’’ રાજા બોલ્યા, ‘‘બુદ્ધિપૂર્વકનું કામ કર્યું છે.’’

રાજાએ ઓરડો બંધ કર્યો અને સહુ ત્રીજા અને સૌથી નાના પુત્રના ઓરડા ભણી ગયા. રાજાએ ઓરડો ખોલ્યો તો તે ખાલીખમ હતો. નાના પુત્રે રાજા પાસે બે–પાંચ ક્ષણનો સમય માંગ્યો અને તેણે ઓરડામાં અગાઉથી મૂકી રાખેલો કોડિયાનો દીવો પ્રગટાવ્યો. આખો ઓરડો પ્રકાશથી ઝળહળી ઊઠ્યો. ઓરડાનો ખૂણે ખૂણો પ્રકાશથી ભરાઈ ગયો હતો.

‘‘અતિ સુંદર!’’ રાજા ભાવવિભોર થઈ બોલી ઊઠ્યા, ‘‘બેટા, તેં ખૂબ જ સમજદારીપૂર્વક ઓરડાને ભરી દીધો છે. મને વિશ્વાસ છે કે તું પણ તારા સ્વપ્રકાશથી પ્રજાને સુખ અને સંતોષ આપી શકીશ. રાજ્યની જવાબદારી હું તને સોંપું છું.’’

(સંકલિત)